આગળ વાજીંત્ર વગાડવા સંબંધે

અવલોકન (વિચારો)

લેખક:

શેખ મહુંમદ જહાંગીરમીયાં.

વાલીએ રીસાયત

માંગરોલ—(કાઠીઆવાડ).

તા. ૬–૨–૧૯૩૧

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक १५७३६ वर्गांक

पुस्तकनुं नाम મસ્જીદ આગળ વાજીંત્ર વગાડવા સંબંધી અવલોકન.

विषय ५७ : ४६४६

૧૫૭૩૮ ગુજરાત ... ગ્રંથાલય
અમદાવાદ

بسم الله الرحمن الرحيم

મસ્જીદ આગળ વાજીંત્ર વગાડવા સંબંધે અવલોકન (વિચારો).

ઇસ્લામ એક સ્વભાવિક (કુદરતી) ધર્મ છે એ નિર્વિવાદ માન્યતા (ચોક્કસ વાત) છે. તેમાં જે અનુકુળતા (સગવડતા) અને વિશાળપણું (વિસ્તાર) જોવામાં આવે છે તે ભાગ્યેજ કોઇ બીજા ધર્મમાં હશે. મેં જ્યાં સુધી બીજા ધર્મોના સિધ્ધાંત (ઓસુલ) નું તાત્પર્ય દૃષ્ટિબિન્દુ (મકસદની નજરે) થી મનન (અભ્યાસ) કર્યું છે, હું ખાત્રીપૂર્વક કહી શકું છું કે દુન્યાના બીજા કોઇપણ ધર્મમાં ઇસ્લામની મર્યાદા, સમાન વૃત્તિ (સરખાપણું) અને એક બીજા પ્રત્યે (તરફ) અધિક ભાવ રહેલો જણાતો નથી. મેં દુન્યાના તમામ ધર્મોમાં નમ્રતા (નરમાશ), સદાચરણ (નિતિ), રહેમ, ઉદારતા (સખ[illegible]) [illegible]યતા (લાયકી), મિલનસારી, (વિવેક) [illegible]) અને પાડોશીના હક સમજાવનાર કોઇ ધર્મ જોયા હોય તો તે ફક્ત ઇસ્લામ છે.

ઇસ્લામી રાજ્ય સત્તાની આજે પડતી હોવા છતાં બીજા ધર્મની કસોટી કરનારાઓ અને વિદ્યા તેમજ હુન્નરથી પ્રકાશિત થએલા સુજ્ઞો (લોકો) ઇસ્લામની સત્યતા (સચ્ચાઈ) તેના સદગુણ અને ઈસ્લામને સ્વભાવથી (તબીયત) બરાબર અનુકુળ જોઈ ઇસ્લામી મંડળમા જોડાતા જાય છે. દ્રષ્ટાંત તરીકે હમણાંજ લોર્ડ હેડલે, પ્રોફેસર માર્કસ જરમની, મી. ફ્લેબી અને કાઉન્ટ વિગેરેએ ઇસ્લામનો સ્વિકાર કર્યો છે.

ઇસ્લામે પોતાના જે સિદ્ધાંત બળે આજે તમામ દુન્યામા પ્રખ્યાતી મેળવી છે અને જેના થકી સત્ય અને સ્વભાવિક (કુદરતી) ધર્મ તરીકે ઓળખાવવાનો હક્ક ધરાવે છે. અફસોસ કે આજે તેજ સિદ્ધાતો આપણે વિસરી (ભૂલી) ગયા છીએ. જો કે આપણામાંથી ઘણા ખરા અજ્ઞાન અને તદન ના વાકેફ છે પરંતુ જે વાકેફ છે, જે વિદ્વાન (મોલવી) છે ને લોકો પણ પોતાની ફરજ કેટલી હદ સુધી બજાવે છે તેનો જરા વિચાર કરીએ છીએ ત્યારે તેમનું હોવાપણું કે ન હોવાપણુ સમાન લાગે છે.

આપણા ધર્મના સ્તંભો અને આગેવાનોનુ એ પરમ કર્તવ્ય (ફરજ) છે કે તેઓ આપણને કુમાર્ગ અને વિપત્તી

(દુર્દશા) થી બચાવે, દુષ્કર્મ અને પાપી વલણથી રોકે, જે ફરમાન આપણે ભૂલી બેઠા છીએ તે યાદ અપાવે અને સન્માર્ગે (સીધે રસ્તે) દોરવાનો બોધ આપે, પરંતુ મારા અનુભવથી એમ જણાય છે કે તેઓ દરેક જાતની આજ્ઞાથી વાકેફ કરવાને બદલે ઉલટા પોતાની ફરજ ચુકી ગયા છે. કેટલાક બલકે ઘણા ખરા ધર્મ ચુસ્ત મોલવીઓ પણ કેટલાક જરૂરી મસલાઓમાં ચુપકીદી ગ્રહણ કરી (પકડી) રહેલા છે અને પ્રશ્ન કરનારાઓને એવા ઉડાઉ અને ગોળમટોળ પ્રતિઉત્તર (જવાબ) આપવામાં આવે છે કે જેથી તેમના મનની સમાધાની થાય છે કે કોઈ નિઃસંદેહ (ફેસ્લા કુન) પરિણામ આવે છે.

બિચારા ટુંક અભ્યાસના નીમ મુલ્લાં જો કે ધાર્મિક (દીની) કાર્યોમાં અવાર નવાર મોખરે નજરે પડે છે પરંતુ તેઓ મૂર્ખ મિત્રના જેવા છે, તેઓથી મુસલમાનો તેમજ અન્ય ધર્મના લોકોને જાતિ તેમજ આંતરિક (ખરેખર) બહોળું નુકશાન પહોંચે છે. તેઓએ કેટલીક વાર એવા ખોટા પાયા કે આધાર વિનાનાં કલ્પિત વૃત્તાંત (કહાણી, કિસ્સા, વિવેચન) અજ્ઞાન લોકોમાં ફેલાવ્યા છે કે જે હવે તેઓનેજ પોતાના તેમજ અજ્ઞાન લોકોના મનથી નષ્ટ (નાબુદ) કરવા

કઠણ થઇ પડયા છે.

મોલાના હાલીની વાણી પ્રમાણે:—

જહાં મુખ્તલીફ હેં રીવાયાત બાહમ,
કભી હેં ન સાધી રીવાયતસે ખુશહમ
જીસે અકલ રખ્ખે ન હરગીઝ મુસલ્લમ,
ઇસે હર રીવાયતસે સમઝેં મુકદ્દમ

સબ ઇસમેં ગિરફતાર છોટે બડે હંય
સમઝ પર હમારી યે પત્થર પડે હંય.

તેઓ પાસે વાત વાતમાં કુફ્રના ફતવા તૈયાર છે કેટલાએક તો નજીવા વાદવિવાદમાં લડી મરે છે અને એકબીજાને કાફીર પોકારે છે (કહે છે). જે જોઇ બીજા ધર્મની સમાજો, ઇસ્લામ ધર્મને ત્રાસદાયક (ભયાનક) સમજે છે અને ડરે છે કે ઇસ્લામમાં તો પગલે પગલે કુફ્રની ચાબુક ધરેલી છે, જેથી કરીને ઇસ્લામના પ્રચારના ઘણા જરૂરી ઉદ્દેશો (મકસદ) અટકી પડે છે. ઇસ્લામને માટે આવું નુકસાન અસહ્ય છે.

આપણી ધાર્મિક અને સંસારિક જરૂરીયાત પ્રસંગે આપણા પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું જીવન ચરિત્ર (સીરત) દ્રષ્ટાંત રૂપ એક સરીયામ રસ્તો છે. જેની

ઉપર અમલ કરવાથી આપણી કોઇ પણ મુશકેલી રહેતી નથી. ઇસ્લામે અન્ય ધર્મો પ્રત્યે જે માયાળુ વર્તન રાખ્યું છે તે ચળકતા સુર્યની જેમ જગજાહેર છે. હઝરત પયગમ્બર (સલ્લલ્લાહો અલય હે વસલ્લમ) નું ચરિત્ર વૃત્તાંત જોવાથી તેની ઉપર સુર્યની જેમ પ્રકાશ પડે છે, પરંતુ આપણે એવા અંધારામાં સપડાયા છીએ કે તેને હાથ લગાડવાની કે વાંચી સમજવાની કે તેને અનુસરતી રીતે વર્તન રાખવની પણ તસ્દી લેતા નથી. તેમજ પયગમ્બર (સલઅમ) ની કારકીર્દી અને નિતીના પરિચયમાં આવવાની (થીવાકેફ થવાની) દરકાર પણ કરતા નથી.

ધાર્મિક આજ્ઞાના ઉલ્લંઘન (નાફરમાની) નું લેશ માત્ર પણ ડર છે કે કયામતને દિવસે જવાબ આપવાનો ખ્યાલ, ને કદાચિત્ જરા કંઈ વિચાર હોય તો કેવળ એટલા પૂરતોજ કે દુન્યાની મોહજાળમાં ફસાએલા પીરોના હસ્ત તળે બયત (સોગનપૂર્વક મુરીદ હોવાનો સ્વીકાર) કરી પોતાને તમામ જવાબદારીઓમાંથી મુક્ત થએલા સમજે છે અને તેમને મોક્ષ (નજાત) અપાવનાર ધારે છે. (આજકાલ પીરી મુરીદીની સાંકળ એક રીવાજની જેમ સર્વત્ર પ્રસરી ગએલ છે.) આ સંબંધમાં જનાબ પ્રોફેસર આસીમ સાહેબ

જયપુરી એમ. એ. ની કેવી સુંદર વાણી છેઃ—

પેહલે "કલ્માગો" મુસલમાંથા બીલા શરતે મઝીદ
ફીર "તસન્નન" કી ઇઝાફા હો ગઈ કયદે શદીદ
અબ સુના હય કબ્રમે પેહલે યેહી હોગા સવાલ
બોલ કીસકા થા મુકલ્લદ ઓર કીસકા થા મુરીદ.

આ તો એક ટીકા કરનારની વાણી હતી. મારે એટ-લુંજ કહેવાનું છે કે જો મુસલમાન ખુદા અને રસુલ (સલ-અમ)ની આજ્ઞાથી વાકેફ રહે અને નબીએ પાકના વર્તન પ્રમાણે અનુસરે તો અન્ય સમાજોને આપણી ઉપર હાંસી કરવાનો પ્રસંગ ન મળે. પરંતુ અફસોસ કે જ્યારે એક મુસલમાન પોતાના બીજા મુસ્લિમ ભાઇનું હિત તેમજ ઉન્નતિ જોઇ શકતો નથી ત્યારે બીજા ધર્મના લોકો પ્રત્યે સહાનશિલતા બતાવવાની વાત તો કયાં રહી.

આવા સંજોગોમાં મસ્જીદ આગળ બીજા ધર્મના લોકોને વાજીંત્ર વગાડવા દેવાને ઇસ્લામના કોઇ અગત્યના સિદ્ધાંતમાં ખલલ પહોંચાડવાના નિરંતર વિચારો મુસલમાનોને આવે છે. (બલ્કે તેમને ખાત્રી છે કે જો તેઓ આ પ્રમાણે કરવા દેવાની છુટ આપે તો તે ઇસ્લામનો ત્યાગ કરવા (છોડવા) બરોબર છે.)

એટલે માત્ર આવી ટુંક મતી અને અણસમજને લઇ કજીઓ કલેશ ઉપસ્થિત કરે છે, મારામારી અને ખુનરેજીના પરિણામ લઈ આવે છે, અને લાખો મુસલમાન આવી અજ્ઞાનતાના કારણે કેદની શિક્ષાના ભોગ થઇ પડે છે. જો કોઈ તેમના ઘરમાં બીજું નિર્વાહ ચલાવનાર ન હોય તો બાયડી છોકરાં ભીખનો લોટકો ઝાલી ઘેર ઘેર ભટકતા ફરે છે. ઘણું કરીને આવી ચળવળમાં નિર્ધન અજ્ઞાન વર્ગના લોકો ભાગ લે છે કે જેઓ શિક્ષાને પાત્ર થાય ત્યારે તેમની પાછળ કોઈ દશા પૂછનાર હોતું નથી, બલકે તેઓના ઉશકેરનારાઓ (બહેકાવનારાઓ) પણ દરકાર કરતા નથી.

તા. ૨૯ મી જાન્યુઆરી સને ૧૯૩૧ ના "બોમ્બે ક્રોનીકલ" માં પ્રસિદ્ધ થયું છે કે નિલ્ફારીમાં તા. ૨૬ મી જાન્યુઆરીની સાંજના સરસ્વતી જલુસ એક મસ્જીદ આગળથી પસાર થયું હતું કે મુસલમાન મસ્જીદમાંથી ને આસપાસની દુકાનમાંથી નીકળી જલુસ પર લાઠીઓ લઇ ટુટી પડયા ને કેટલાએકે તો મકાનો ઉપરથી ઇંટો ફેંકી, જેના પરિણામે ઘણા હિન્દુઓ ને પોલિસના લોકોને ઈજા પહોંચી. આ પરથી પોલિસે ગોળીબાર કર્યો. એક મુસલમાન માર્યો ગયો;

પચાસ ઘાયલ થયા; અને ત્રણસોને મસ્જીદના કમ્પાઉન્ડ તેમજ આસપાસની દુકાનોમાંથી કેદ કર્યા.

મસ્જીદની આગળ વાજીંત્ર વગાડવા સંબંધમાં જેટલા દરજ્જે કુર્આન અને હદીસથી મેં ખાત્રી કરાવી છે તેથી કોઈ પણ આયાત કે હદીસથી એવી આજ્ઞા જોવામાં આવતી નથી કે જેના આધારે આપણે બીજા ધર્મના લોકોને મસ્જીદ આગળ વાજીંત્ર વગાડતાં અટકાવી શકીએ. પણ અફસોસ કે આપણા ધાર્મિક નેતાઓએ (આગેવાનોએ) આવા મહત્વના (ગંભીર) વાદવિવાદના વિષય સબંધી ચુપકી ગ્રહણ કરી છે અને આ વાત ખુલ્લી રીતે જાહેરમાં મુકવા પાછી પાની કરે છે.

મસ્જીદની આગળ વાજીંત્ર વગાડવાની અટકાયત મુસલમાન ગ્રહસ્થોનું ધાર્મિક પ્રતિબંધ નથી. પરંતુ અન્ય ધર્મો ખાસ કરીને હિન્દુ ગ્રહસ્થોનો ધાર્મિક પ્રશ્ન ખરેખર જણાય છે. એટલે પછી કોઈ કારણ નથી કે આપણે તેઓના પુજ્ય સ્થાનોની આજ્ઞાનું પાલન કરવા સામે પ્રતિબંધ (અટકાવ) મુકી, તેમની ધાર્મિક સ્વતંત્રતા (આઝાદી) ની વચ્ચે પડી, ઇસ્લામની સહનશિલતા (રવાદારી) ને કલંક લગાડીએ. જેવી રીતે ગૌવધ આપણો ધાર્મિક હક છે અને

તેમાં હિન્દુ ગ્રહસ્થ દખલ દઈ શકતા નથી, એવીજ રીતે હિન્દુઓના ધાર્મિક તહેવારો અવસરે વાજીંત્ર વગાડવાને પવિત્ર કર્તવ્ય તેઓ સમજે છે તે સંબંધમા નિવારિત હુકમ (મનાઇ હુકમ) કરવા આપણે હક ધરાવી શકતા નથી.

જો કોઇ પરસ્પરની સમજથી એમ નક્કી કરવામાં આવે કે મુસ્લીમ ગ્રહસ્થો ગૌવધ કરે નહિ અને હિન્દુ ગ્રહસ્થો મસ્જીદ આગળ વાજીંત્ર વગાડી શકે નહિ. તો આવી સમજણ એક જાતના ધાર્મિક હક ખોવા બરોબર છે. તેમ છતાં ધાર્મિક આજ્ઞામાં આવી રીતના સાટા કરવાનો પણ કોઈને હક નથી. કારણ કે ધાર્મિક આજ્ઞા (ફરમાન) એટલા માટે છે. કે તેનું પાલન થાય. જો કોઇ ખરેખર લાચારી હોય તો તેની બીજા રૂપમાં સગવડતા સાચવવામાં આવી છે પણ વગર કારણે તેનો ત્યાગ કે કોઇ વ્યાજબી લાચારી શિવાય તેનો ઘટાડો કોઈ કાળે યોગ્ય નથી.

મારી સમજ પ્રમાણે હિન્દુ ગ્રહસ્થોએ સંખ્યાસૂચક બળ કે રાજ્ય સત્તાના આધારે મુસલમાન ગ્રહસ્થોના હક્ક છીનવી ન લેવા જોઇએ અને મુસલમાન ગ્રહસ્થોએ પણ તેના બદલે હિન્દુ ગ્રહસ્થોના હક્ક તેજ પ્રમાણે ખુંચવી લઇ એક બીજાની ફરજ બજાવતાં તેમની લાગણીને ઠોકરે ઉડાવવાની

કોશિષ ન કરવી જોઇએ એટલે બંને પક્ષ તરફથી કોઈ પણ એવી પ્રવૃત્તિ (હીલચાલ) ન થવી જોઇએ કે જે હાલના સંજોગો પ્રમાણે સાર્વજનિક હિતના ફણગામાંથી કોઈ પણ એક ફણગા (શાખ) ને હાની કરતા હોય. કેમકે ઇસ્લામે તો અન્ય ધર્મોને પૂરેપૂરી સ્વતંત્રતાજ (આઝાદીજ) માત્ર આપી નથી, પરંતુ ઉલ્ટુ તેમના આવી જાતના હક્કની સંભાળગત કરી છે. ઇસ્લામે બીજા ધર્મની સમાજો પ્રત્યે જે પ્રિતી જાળવી છે અને જે સહનશિલતા બતાવી છે તેના દ્રષ્ટાંતો (દાખલા) દુન્યાના તમામ ધર્મોમાં શોધ્યા જડતા નથી. પરંતુ અફ-સોસ કે જ્યારે મુસલમાન ગ્રહસ્થોને આવી સહનશિલતા વાપરવાનો બોધ આપવામાં આવે છે ત્યારે તેઓ એમ માને છે કે આપણા ધર્મની અધોગતિ (બેઅદબી) થાય છે.

હવે મસ્જીદ આગળ વાજીંત્ર વગાડવું વ્યાજબી છે કે કેમ તેને માટે નીચે મુજબ મારી દલીલો તેમજ માન્યતા છે:—

૧. જે મુસલમાન ગ્રહસ્થોના મકાન મસ્જીદની લગો-લગ હોય છે અને જ્યારે તેમને ત્યાં લગ્ન પ્રસંગ આવે છે ત્યારે કોઈ પણ પ્રકારની મર્યાદા જાળવ્યા વિનાં પોતાના મકાનમાં ગાન તાન કરાવે છે અને મસ્જીદની દીવાલની બહારની બાજુએ અડોઅડ લગ્ન મંડપ ઉભું કરવામાં આવે છે અને મર્યાદા રહિત રીતે નાયકાઓ નચાવવામાં આવે છે, તેમજ વાજીંત્ર વગાડે છે જેના શોરબકોરથી મસ્જીદ ગુંજી ઉઠે

છે તેવે પ્રસંગે મુસલમાનો આ વાતની મર્યાદા કેમ જાળવતા નથી ? જે નિંદવાજોગ (વખોડવાજોગ) કૃત્યોના પંજામાં પોતે સપડાએલા છે તેવીજ વર્તણુંકને માટે બીજી કોમને રોકવી એ કેટલે દરજ્જે ન્યાયાનુસાર છે.

૨. જ્યારે મસ્જીદ બહારની ત્રણે બાજુએ મુસલમાન ગ્રહસ્થો વસે છે અને ઉપરોક્ત પ્રસંગે મરજી મુજબ વાજીંત્ર વગાડે છે. ત્યારે શું મસ્જીદની આ ત્રણે બાજુઓ માનનીય (માનને પાત્ર) નથી ? અને જાહેર રસ્તા ઉપર આવેલી એકજ બાજુ મર્યાદાને પાત્ર છે ?

૩. આ સિવાય પણ મસ્જીદની સામે મુસલમાન ગ્રહસ્થો વાજીંત્ર વગાડે છે, જેમકે ઓલીયાની દરગાહમાં કેટલીક જગ્યાએ મસ્જીદ આવેલી હોય છે. ત્યાં ઉર્સ શિવાયના વખતમાં પણ દરરોજ મસ્જીદો નજીક નોબત નગારાં વગાડે છે, એટલુંજ નહિ પણ નાયકાઓના મુજરા પણ થાય છે, ત્યારે આવી અઘટિત વર્તણુંક પ્રસંગે મસ્જીદ પ્રત્યેની મર્યાદા કયાં પલાયન કરી (ઉડી) જાય છે ? આવી વર્તણુંકના વ્યાજબીપણાને માટે કોઈ ફતવો છે કે નહિ ?

દ્રષ્ટાંત તરીકે:—

૧. અજમેર શરીફમાં સુલતાનુલ હિંદ હઝરત ખ્વાજા ગરીબુન–નવાઝ (રહમતુલ્લાહો અલય હે) ની તુરબતના

સહેનમાં એક મસ્જીદ છે અને તેની આગળ નિર્ભયપણે (બેપરવાઈથી) વાજીંત્ર વગાડે છે.

૨. અમદાવાદ (ગુજરાત)માં હઝરત શાહ આલમ સાહેબની દરગાહ અને,

૩. પીર મોહમ્મદશાહની દરગાહમાં પણ મસ્જીદ સામે નોબત ખાનું છે જ્યાં દરરોજ નોબત શરણાઈ વગાડે છે જેનો તમામ ખર્ચ પણ દરગાહની આવકમાંથી આપવો પડે છે ! ટૂંકમાં હિન્દુસ્તાનના લગભગ તમામ આવા પવિત્ર સ્થાનો મારા વર્ણનને પ્રત્યક્ષ (ખુલ્લો) પુરાવો આપે છે.

૪. રાજ્ય સત્તા પણ જો વાજીંત્ર સામે વિરોધ બતાવવા ઇચ્છે તો તેને માટે પણ તેમ કરવું મુશ્કેલ છે. કદાચ એમ માનો કે રાજ્ય સત્તા દસ અથવા પંદર ગજ છેટે વાજીંત્ર વગાડવા મનાઇ હુકમ એવા આશયથી આપે કે જેથી મસ્જીદમાં વાજીંત્રનો ઘોંઘાટ ન સંભળાય તો આવા પ્રસંગે બીજા ધર્મના લોકો વિરોધને લઈ જે સાધારણ વાજીંત્રો વગાડે છે તેના કરતાં બમણા અવાજના વાજીંત્ર ઇરાદાપૂર્વક બમણા અવાજથી બન્નેએ મુકરર કરેલી હદ આગળ વગાડે તો હદ મુકરર કરવાનો કે શોરબંકારનો આશય તદ્દન નિષ્ફળ જાય.

ધારો કે કદાચ રાજ્ય સત્તા મુકરર કરેલી હદ વધારી આપે તો પણ વિરોધીઓ વાજીંત્રની સંખ્યા પ્રથમથી બમણી કરી એ હેતુ પાર ન પડવા માટે બનતાં પ્રયત્ન કરશે. તેવી સ્થિતિએ રાજ્ય સત્તા પણ કયાં સુધી હદ લંબાવશે અને કયાં સુધી એક પક્ષનો હક્ક જાળવશે ? ખરેખર આ સંબંધમાં કંઈ ચોક્કસ કાયદો ઘડવો મુશ્કેલ છે.

૫. આવી રીતે ધારો કે મુસલમાન ગ્રહસ્થો આખા રસ્તા ઉપર એક પછી એક થોડે થોડે છેટે મસ્જીદો બનાવે તેવી સ્થિતિમાં બીજા ધર્મ માટે વાજીંત્ર વગાડવાના માર્ગ બંધ થઈ જશે, અને આવી રીતે તેમના વાજીંત્ર વગાડવાના હક્ક પર બળાત્કાર થાય જેને કોઈ પણ ઈન્સાફ પસંદ કદાપી યોગ્ય નહિ ધારે; અને આવી રીતે ઇસ્લામની મર્યાદા ઉપર કલંક લાગશે.

૬. સૌથી મજબુત દલીલ એ છે કે કદાચ મુસલમાનો મસ્જીદ આગળ વાજીંત્ર ન વગાડવા દેવાની હઠ પકડી લે તો મસ્જીદ કે જે એક પવિત્ર સ્થાન છે જેનાથી વિશેષ પાક બંદગીનું બીજું કોઇ મકાન હોઈ શકે નહિ તેની ઇમારત ચણવા સામે ઘણા વિઘ્ન એવા ઉભા થશે કે જેની

વિગત નિચે પ્રમાણે બતાવું છું:—

દાખલા તરીકે કોઇ મોહલ્લાના મુસલમાન એક પબ્લિક રસ્તા પર મસ્જીદ બનાવવા ઇચ્છે છે કે જે રસ્તે થઇને બીજા ધર્મના લોકો સદીઓથી (સેંકડો વર્ષોથી) વાજીંત્ર વગાડતા નીકળે છે. આવા પ્રસંગે રાજ્ય સત્તા પ્રચલિત્ અગ્રહક (લાંબા વખતથી ચાલતા આવેલા જુના હક્ક) ની રૂએ મુસલમાનોથી એવો કરાર કરશે કે જો તમે વાજીંત્ર વગાડતાં નીકળવા સામે પ્રતિબંધ (અટકાવ) મુકવાની હઠ ધર્મી છોડવાનું કબુલ નહિં રાખતા મસ્જીદ બનાવી વાજીંત્ર વગાડતા નીકળતી વખતે ઝઘડો ફસાદ ઉપસ્થિત કરશો તો તમને બચિત મસ્જીદ બનાવવા દેવામાં આવશે નહિ.

હવે મુસલમાન ગ્રહસ્થોએ જરા વિચાર કરવો જોઇએ કે તેમના આવા હક્કની માંગણી કેટલે દરજ્જે મૂર્ખાઈ ભરેલી અને આધાર વગરની છે કે વાજીંત્ર વગાડવા સામે હઠધર્મીના પરિણામે મસ્જીદની ઇમારત બનાવવાનું પણ થંભી જવા સંભવ છે.

મારી આ છેવટની દલીલને માટે કેટલાક ટુંક વિચારના મોલવીઓની હુજ્જત ઉપર તેમના બતાવેલા પ્રખ્યાત ઉલ્મા-ઓ અને મુફતીઓ (ફતવા દેનાર) નો અભિપ્રાય મેં મંગાવ્યો,

તો નવ એવા ઉલ્માામાંથી સાતે મારા મતને અનુમોદન (ટેકો) આપી મુસલમાન ગ્રહસ્થોના વાજીંત્ર વગાડતા અટકાવવાના કૃત્યને નિરર્થક અને અયોગ્ય માન્યું. એકે ગોળગોળ જવાબ આપ્યો અને માત્ર એકજ જણે મતભેદ બતાવ્યો, પરંતુ વાજીંત્ર અટકાવવાને મસ્જીદ બનાવવા કરતાં અધિક (શ્રેષ્ટ) કયા કારણોને લઇ ગણ્યું તે બતાવ્યું નથી.

જો કોઇ ગ્રહસ્થને આ ફતવા જોવાની ઈચ્છા હોય તો હું વગર વિલંબે બતાવવા તૈયાર છું કે જેથી વાંચક ખુદ અભિપ્રાયોની સંખ્યા અને બહુમતી માટે ખાત્રી કરી શકે કે કોની માંગણી વ્યાજબી છે.

ઉપરોક્ત દલીલોથી આ બાબતની સ્પષ્ટાથી સાબિતી મળે છે કે મુસલમાનોની આવી માંગણી તદન ગેરવ્યાજબી અને નિરર્થક છે. ઈસ્લામની તેમને આ કૃત્ય કરવાની આજ્ઞા (હુકમ) નથી. ઉલટી તેમની આ પ્રમાણેની વર્તણુંક તો ઈસ્લામની મર્યાદાથી તદન વિરૂદ્ધ છે.

મેં ઉપર જણાવેલી હકીકતનો વિચાર કરી બન્ને પક્ષના અભિપ્રાય ધ્યાનમાં લઇ મારી રીસાયતમાં મસ્જીદની આગળ વાજીંત્ર ન વગાડવાના હુકમને રદ કર્યો; જો કે કેટલેક અંશે

તેનો વિરોધ થયો પરંતુ મેં તેને માત્ર એક ધર્માંધ પણાનો અંશ અને પક્ષાપક્ષીની લાગણીનું પરિણામ (નતીજા) સમજ્યું. આવા સંજોગોમાં મેં ઇસ્લામી મર્યાદાને લઇ અન્ય સમાજો પ્રત્યે અણગમો બતાવ્યો નથી. આવી મર્યાદાની તાત્કાળીક અસર એ થઈ કે મારા આ હુકમની ખબર પડતાંજ હિન્દુ ગ્રહસ્થોએ પોતાની રાજીખુશીથી મસજીદની મર્યાદા જાળવવા ખાતર તેની આગળ વાજીંત્ર બંધ રાખવા જાહેર કર્યું.

આશા છે કે જે મુસલમાન ગ્રહસ્થો માત્ર નીમ મુલ્લાંઓના આધાર વગરના વિવેચનનું આંખ મીંચી અનુકરણ કરે છે (અનુસરે છે) તેઓ આ મારા અભિપ્રાયને શાંત હૃદયે વાંચી યોગ્ય લાગે તો તેનું અનુકરણ (અમલ) કરશે.

"વમા તોફીક ઇલ્લા બીલ્લા"

'નિઝામી પ્રી. પ્રેસ' માં મીરઝા હુસેન અશરફ
મોહમ્મદ અશરફે છાપ્યું.
:-: કાગઝી બઝાર એહમદઆબાદ. :-: